**અહેવાલ લેખન**

# કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા
# ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

*તા. ૧૫-૦૮-૨૦૨૪*

કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડામાં ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનો, શિક્ષકો તથા બિન-શૈક્ષણિક સ્ટાફગણ પણ ઉપસ્થિત રહ્યા હતા. તે નિમિતે OKC સંકુલના પ્રમુખશ્રી મૌલિકભાઈ કે. પટેલના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા જુદા-જુદા શોર્યગીત રજુ કરવામાં આવ્યા હતા. NCCના વિદ્યાર્થીઓને પ્રમુખશ્રીના હસ્તે NCC પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી મૌલિકભાઈ કે. પટેલે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં શાળાના વિદ્યાર્થીઓમાં દેશના એક જવાબદાર નાગરિક બને તેવી અપીલ કરી હતી. ખુબ સારા સંસ્કારો તેમજ ખુબ સારી રીતે જીવનમાં પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી એચ. વાય. પટેલ સાહેબ, શાળાના સુપરવાઈઝરશ્રી તથા સમગ્ર OKC સંકુલ દ્વારા શ્રી મૌલિકભાઈ કે. પટેલનો ખુબખુબ આભાર વ્યક્ત કર્યો હતો અને શાળા ખુબખુબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.




NCC






રાષ્ટ્રીય સેવા યોજના



